કેસ દા. તા.૧૪/૧૧/૨૦૨૫

કેસ રજી.તા.૧૪/૧૧/૨૦૨૫

જજમેન્ટ તા.૩૦/૦૪/૨૦૨૬

અવધીઃ વર્ષ – માસ – દિવસ

૦૦ – ૦૫ – ૧૬

---

**આણંદ જિલ્લાના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની**

**કોર્ટ સમક્ષ, મું. આણંદ.**

---

**ફોજદારી કેસ નં. ૭૯૦૬/૨૦૨૫**

**આંક–**

શ્રી સરકાર........

(આ. ટા. પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૫૦૦૨૨૫૦૯૪૨/૨૦૨૫)

**.....ફરિયાદી**

**–// વિરૂદ્ધ //–**

રવીભાઇ સ.ઓ. કમલેશભાઇ કાંતીભાઇ
મકવાણા. ઉ.વ.૨૦. રહે. સામરખા, ઇન્દીરા નગરી,
ભુતરડા રોડ, તા.જિ.આણંદ.

**.....આરોપી**

**<u>ગુન્હોઃ–</u>** **<u>ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ...</u>**

---

| | | |
|---|---|---|
| શ્રી સરકાર તરફે | :– | વિ.એ.પી.પી.શ્રી બી.બી.ત્રિવેદી |
| આરોપી તરફે | :– | વિ.વ.શ્રી એસ.એમ. તળપદા |

---

## <u>–// ચુકાદો //–</u>

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૬–૩૦ વાગ્યાની આસપાસ મોજે આણંદ ભાલેજ રોડ રોયલ સિટી રોડના નાકે રોડ ઉપર પોતાના કબજા ભોગવટાનું હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી. નં. જીજે–૨૩–ઇડી–૬૭૪૦ નું પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના કબજાનું ડીયો મોટર સાયકલ રજી. નં. જીજે–૨૩–બીઇ–૭૨૯૨ ને ટક્કર મારી અકસ્માત કરીને ફરીયાદીને ડાબા પગે તથા જમણા હાથે કાંડા પાસે ફ્રેકચર કરી ઈજાઓ પહોંચાડી મોટર સાયકલ લઈને નાસી જઈ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુન્હો કરેલાની ફરિયાદીની ફરિયાદ આવતા, તપાસ કરનાર અધિકારીએ આગળની તપાસ કરી, આરોપી વિરૂદ્ધ પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી

વિરૂધ્ધ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી, આંક–૬ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ પોતાની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ આગળની ન્યાયિક કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**(અ) મૌખિક પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી મહંમદ અલ્તાફ અબ્દુલ રજ્જાક શેખની જુબાની. | ૦૭ |

**(બ) દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદની ઝેરોક્ષ નકલ. | ૦૮ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. | ૦૯ |
| ૩. | ઈન્જરી સર્ટીફીકેટ. | ૧૦ |

(૪) આ કામે ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૧ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ મુજબના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના કેસની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી. બી.બી.ત્રિવેદીને સાંભળ્યા. તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદીએ ફરિયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજૂ કરી ફરિયાદ પક્ષના તત્વો પુરવાર કરેલ છે. આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો

ધ્યાને લેતા ફરિયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં સફળ રહેલ હોય. આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી. એસ.એમ. તળપદા નાઓને સાંભળ્યા. તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ ફરિયાદ પક્ષના પુરાવાથી અકસ્માતમાં સંડોવાયેલ વાહનની કે વાહન ચાલકની કોઈ ઓળખ પ્રસ્થાપિત થતી નથી તેમજ ફરિયાદ પક્ષના પુરાવામાં પૂરઝડપે અને બેદરકારી બાબતેનો લેશમાત્ર પુરાવો રજૂ થયેલ નથી. આમ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) ઉપરોક્ત હકીકતોના આધારે આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-// મુદ્દાઓ //-**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૬-૩૦ વાગ્યાની આસપાસ મોજે આણંદ ભાલેજ રોડ રોયલ સિટી રોડના નાકે રોડ ઉપર પોતાના કબજા ભોગવટાનું હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી. નં. જીજે-૨૩-ઈડી-૬૭૪૦ નું પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના કબજાનું ડીયો મોટર સાયકલ રજી. નં. જીજે-૨૩-બીઈ-૭૨૯૨ ને ટક્કર મારી અકસ્માત કરીને ફરીયાદીને ડાબા પગે તથા જમણા હાથે કાંડા પાસે ફ્રેકચર કરી ઈજાઓ પહોંચાડી મોટર સાયકલ લઈને નાસી જઈ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-// કારણો //-</u>**

**<u>મુદ્દા નં. ૧ તથા ૨ :-</u>**

(૯) આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લઈએ તો, આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૦૭ થી ફરીયાદી મહંમદ અલ્તાફ અબ્દુલ રજ્જાકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૨૫ ના વર્ષમાં તેઓ તેમના પડોશી વિજયભાઈને ડિયો ટુ વ્હીલર લઈ તેમના કામ અર્થે સામરખા ચોકડી ગયેલા અને ત્યાંથી સાંજે પરત આવતા હતા દરમ્યાન તેઓ રોયલ સીટીના રોડ પાસે પહોંચેલ ત્યારે એક મોટર સાયકલ આવી તેમની સાથે અથડાયેલ જેથી તેઓ પડી ગયેલા અને તેમને ઈજા થયેલી. તેમની સાતે જે મોટર સાયકલ અથડાયેલ તેનો નંબર હાલ તેમને યાદ નથી તેમજ તેના ચાલકને તેઓ જોેને ઓળખી શકે નહીં. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલના કારણે થયેલો તે તેઓ કહી શકે નહીં. બનાવ સ્થળે તેમને ઈજા થયેલી ત્યારે તેમણે તેમના મિત્ર અલ્તાફને બોલાવેલા અને એમ્બ્યુલન્સમાં સારવાર કરાવવા આણંદ જનરલ હોસ્પીટલમાં ગયેલા જ્યાથી વધુ સારવાર માટે નડીયાદ એન.ડી. દેસાઈ હોસ્પીટલમાં લઈ ગયેલા જ્યાં ડોક્ટર સાહેબે તેમના ડાબા પગના ઘુંટણ ઉપર તથા જમણા હાથના કાંડે ફ્રેક્ચર થયેલ હોવાનું જણાવેલ. જ્યાં ડોક્ટર સાહેબે તેમની સારવાર કરેલી. આ બનાવ બાબતે તેમણે પોલીસમાં ફરીયાદ કરેલી તેમને ફરીયાદની ઝેરોક્ષ બતાવતા તેમાં ફરીયાદી તરીકેની તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક-૦૮ થી રજુ છે. આમ,

સદરહુ ફરીયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય સદરહુ ફરીયાદીની વિ.એ.પી.પી.શ્રી દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસમાં પણ સદરહુ ફરીયાદી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતા નથી.

જ્યારે સદરહું ફરીયાદી આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા માણસો તથા સાધનોની અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ દરેક સાધન ધીમી ગતિએ જતા હોય છે. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનના ચાલકનુે તેઓ ઓળખી શકે નહીં. એ વાત ખરી છે કે, તેમણે બાઇકનો નંબર જોયેલ નથી.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે આંક–૦૯ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૦ થી ઇન્જરી સર્ટીફિકેટ રજુ કરેલ છે જે બચાવ પક્ષે કબૂલ મંજુર રાખતા પુરાવામાં ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

(૧૧) હાલના કામે રજૂ થયેલ ફરિયાદ પક્ષના પુરાવાનું વિશ્લેષણ કરીએ તો, આ કામના ફરિયાદીના પુરાવાથી ફરિયાદીને ઈજા થયેલાનું પુરવાર થાય છે પરંતુ હાલના આરોપીએ પોતાના હવાલાવાળું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરી ફરિયાદીને ઈજા કરેલ હોવાનું પુરવાર થતું નથી. આમ, આ બનાવમાં આ કામના આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ હોય તેવો કોઇ ચોક્કસ અને કડીબદ્ધ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીની આ ગુન્હામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવતું ન હોય અને એ રીતે આરોપી સામેના આક્ષેપિત ગુન્હો કડીબદ્ધ રીતે પુરવાર થતો ન હોય રજૂ થયેલ પુરાવો ફરિયાદ પક્ષને મદદકર્તા થઇ શકે તેમ નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા હાલના કામે અકસ્માતનો બનાવ બનેલ અને તેમાં ફરિયાદીને ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ સદર અકસ્માતવાળો બનાવ હાલના જ આરોપીએ પોતાના હવાલા વાળું વાહન પુરઝડપે અને

ગફલતભરી રીતે ચલાવીને કરેલ હોય તેવું ફરિયાદ પક્ષ નિઃશંક પણે સાબિત કરી શકેલ નથી અને આરોપી સામેનો ગુન્હો કડીબદ્ધ રીતે પુરવાર કરી શકેલ નથી. આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી કે જેઓ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપતા ન હોય ત્યારે અન્ય સાહેદોને તપાસવાથી ફરિયાદ પક્ષના કેસના ગુણ દોષમાં કોઈ ફરક પડતો હોવાનું જણાઈ આવતું નથી. આ તબક્કે અત્રેની કોર્ટ નામદાર સુપ્રીમ કોર્ટના ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં.૮૫ ઉપર રીપોર્ટ થયેલ સતિષ મહેરા વિરૂદ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચુકાદા ઉપર આધાર રાખે છે, જેમાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબક્કે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાક્ષીઓ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાક્ષીઓ કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આવવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ કરવું જોઈએ અને તેમ કરીને અદાલતના કિંમતી સમયનો દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતનો તે ચુકાદો કાળજીપૂર્વક અને સન્માનપૂર્વક વંચાણે લેતા તેમાં જે સિદ્ધાંત ઠરાવેલ છે તેનું હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવવામાં આવેલ તમામે તમામ સાક્ષીઓ જો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહીં, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાક્ષીઓ તપાસાઈ ગયા પછી જો તેઓની જુબાનીના આધારે ભાવી નક્કી થઈ શકે તેવું અદાલતને લાગે તો તે તબક્કે વિશેષ સાક્ષીઓ તપાસવા તે ઔપચારિકતા જ છે. આ સિદ્ધાંત હાલના કેસમાં બંધ બેસતો અને યોગ્ય જણાય છે. હાલના કેસમાં તપાસવામાં આવેલ ફરીયાદી કે જેઓ પોતે જ જયારે ફરીયાદથી વિપરિત હકીકતો પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવતા હોય ત્યારે અન્ય સાહેદો કે જેઓ ભોગ બનનાર નથી કે તેઓની જુબાનીઓ નોંધી અદાલતનો કિંમતી સમય વેડફવામાં આવે તો પણ, જ્યારે હાલના ફરીયાદી જ આરોપી વિરૂદ્ધની હકીકતો જણાવતા ન હોય ત્યારે કેસના ગુણદોષ ઉપર કોઈ ફરક પડતો હોવાનું જણાઈ આવતું નથી. આમ, ફરિયાદીના મૌખિક પુરાવા પરથી કેસનું ભાવિ સ્પષ્ટ થઈ જાય છે અને અન્ય સાહેદો તપાસવાથી

તેમાં કોઈ ફરક પડતો હોય તેવું જણાઈ આવતું નથી. આ કામે આ ઉપરાંત હાલના ફરીયાદી પક્ષ દ્વારા આંક–૧૧ થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરેલ છે અને વધુ સાહેદો તપાસવા નથી તેવું જાહેર કરેલ છે ત્યારે આ કામે વધુ સાહેદોને તપાસવા જરૂરી જણાતું નથી. આ ઉપરાંત આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો આ કામના આરોપીએ પોતાનું વાહન પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીને ઈજા કરેલ હોવાનું પુરવાર થતું ન હોય. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો ફરિયાદ પક્ષ ચાર્જશીટ મુજબ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) ના તત્વો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય. ફરિયાદ પક્ષ આરોપી સામે ચાર્જશીટ મુજબનો ગુન્હો કડીબદ્ધધ્ધ રીતે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું મારૂ માનવું છે.

(૧૨) આમ, ઉપરોક્ત તમામ પુરાવા ફરીયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારૂ માનવું છે અને ઉપરોક્ત વિગતે ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાના આવશયક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપીને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય **"નકારમાં "** ઠરાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// આખરી હુકમ //–**

(૧) આ કામના આરોપી રવીભાઈ સ.ઓ. કમલેશભાઈ કાંતીભાઈ મકવાણા. ઉ.વ.૨૦. રહે. સામરખા, ઈન્દીરા નગરી, ભુતરડા રોડ, તા.જિ.આણંદ વાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) ની જોગવાઈ હેઠળ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર

વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જાત મુચરકા તથા જામીનખત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ આરોપીએ રૂ.૧૫,૦૦૦/– ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૩૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : આણંદ.
તા. ૩૦/૦૪/૨૦૨૬

(અલારખા અલીભાઈ રૂંઝા)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
આણંદ
(કોડ નં. જીજે૦૧૧૫૦)